


"હેલો મારો સાંભળો... રણુજાના રાય..."

"અહો...હો... હજુ તો ભક્તિનો રંગ જ..?!"

"સાહેબ..! આજે તો રામદેવપીરના નેજા ચડાવ્યા...નેજા..!"

"હં...હં... નેજા એટલે ધજા ને..?! એટલે જય જયકાર ખરૂ ને..?!"

"હા... સાહેબ... હા... હુકમ કરો તો પિર જાત્રાએ જાય..!! પીડિતો અને વંચિતોના દેવ એટલે રામદેવ પીર... દિન દુખિયાના દેવ એટલે રામદેવ પીર... અંતરના ઊંડાણમાં ખેડાણ કરી શકે તેવા દેવ એટલે રામદેવ પીર..!"

"અરે વાહ..! તમારૂ ભક્તિજ્ઞાન પણ ઘણું ઊંડાણમાં છે..!"

"સાહેબ... અમે તો એટલું જાણીએ કે કોઈનું ભલું કરનારો... કોઈના ઉપર દયા લાવનારો... બેઠેલાને ઉભો કરનારો... માનવ હોય કે દેવ હોય... એને બે હાથ જોડીને પગે લાગવું..!"

"વાહ..! ખુબ સાચી અને સારી વાત કરી તમે..! પહેલાંના જમાનામાં કોઈ કોઈ ને મદદ કરે ત્યારે મદદ કરનારને સૌ પગે લાગતા..!! અને આજે આખું ચિત્ર બદલાઈ ગયું છે..!!"

"શું...?! શાના ચિત્રોની વાત કરો છો તમે..?"

"કેમ ભુલી જાઓ છો તમે..?! જો જો હમણાં સીઝન શરૂ થાય છે... પગે લાગતા જશે અને બોલતા જશે અમારે તમને મદદ કરવી છે..! અમારે તમને સહાય કરવી છે... અમે તમારૂ આમ કરી દઈશું... અમે તમારૂ તેમ કરી દઈશું.... અમે તમારૂ ફલાણું કરીશુ ને અમે તમારૂ ઢીંકણું કરી દઈશું..!! તમે અમને..."

".... મત આપો એમ જ ને..?! એ બધા તો નાટકીયા હોય છે... એમની વાત ક્યાં કરો છો સાહેબ... દહાડો બગાડ્યો તમે..! વાતને ક્યાંથી ક્યાં લઈ જાઓ છો..?!"

"અલ્યા ભાઈ... આ તો પગે લાગવાની વાત આવી એટલે મને યાદ આવ્યું કે હવે બધા પગે લાગશે..! જોતાં નથી હમણાં હોર્ડીંગોમાં પગે લાગતા થોબડાઓ વાળા ફોટા..!?"

"હા... સાહેબ... હા... એમાં અસલી ચહેરા જ ક્યાં છે..?! ગરીબી હટાવનારા ગરીબોને હટાવે છે..! વંચિતોને સહાય આપનારા માત્ર વેદનાઓ જ આપે છે... અને વચનોની તો સાહેબ લ્હાણી કરે છે લ્હાણી..!!"

"એ તો એવું જ હોય ને..?! ગરીબી જતી રહે... વંચિતોની વેદના જતી રહે... પીડિતોની પીડા જતી રહે... સમાજની સમસ્યાઓ મટી જાય તો રાજકારણીઓની દુકાન ચાલે કેવી રીતે..?!"

"હા...હા...હા... એ વાત સાચી છે હોં..! ભાગલા પાડો ને રાજ કરો..!! એ અંગ્રેજોનો વારસો ૭૦ વર્ષે પણ આપણા આઝાદ દેશના રાજકારણીઓએ જાળવી રાખ્યો છે..!!"

"અલ્યા ભાગલા એટલે કેવા ભાગલા..?! શહેર-ગામડાના ભાગલા... ગરીબ-અમીરના ભાગલા... પટેલ-ઠાકોરના ભાગલા.. લેઉઆ અને કડવાના ભાગલા... જાતજાતના અને ભાતભાતના ભાગલા પાડ્યા..!! આપણી સામાજીક એકતાની તો ઘોર ખોદી નાખી છે ઘોર..!!"

● અનુસંધાન પાન-૭ પર





અનોખી શ્રદ્ધા - ભાદરવી પૂજનના મેળામાં શક્તિપીઠ અંબાજીના મંદિર પગપાળાજવા રાજ્યના ખૂણેખૂણેથી માઈભક્તો અંબાજીના માર્ગો પર જયઘોષ સાથે અવિરત યાત્રા કરી રહ્યા છે... વિવિધ સ્વરૂપે શ્રદ્ધા વ્યક્ત થઈ રહી છે... કોઈ સતત ચાલે છે, કોઈ થંભીને ચાલે છે, કોઈ રથ સાથે ચાલે છે, કોઈ ભજન ગાતા ગાતા ચાલે છે... પણ રાજકોટના પદયાત્રીઓનો આ અનોખો સંઘ છે... જે દરરોજ અલગ - અલગ પરિવેશમાં વ્યક્ત થાય છે... અલગ અલગ રંગના અને અલગ અલગ શૈલીના વસ્ત્રો ધારણ કરી માતાજીના ગુણગાન કરતા કરતા માર્ગો પરથી પસાર થઈ રહ્યા છે... અમદાવાદથી ગાંધીનગર તરફ આવતા હતા ત્યારે શ્વેત વસ્ત્રો પરિધાન કર્યા હતા... જ્યારે ગાંધીનગરથી ગોજારીયા સુધીના માર્ગ પર કેસરીયા વસ્ત્રો ધારણ કર્યા હતા...

# ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના વધુ ૮ કેસ

**કલોલમાંથી ૪ તો ગાંધીનગર-દહેગામમાંથી ૨-૨ કેસ મળી આવ્યા : દહેગામમાં બે મહિલા દર્દી તો ગાંધીનગરમાં ૧ મહિલા દર્દી કલોલમાં ૧નાનકડો કિશોર દર્દી તરીકે મળી આવ્યો : જિલ્લાનો આંક ૧૧૨ પર પહોંચ્યો**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૮ કેસ આજે મળી આવ્યા છે. રાજ્યમાં એક તરફ કેસોની સંખ્યા ઘટી રહી હોવાના દાવાઓ વચ્ચે જિલ્લામાં સ્વાઈન ફલુ બેકાબુ બની અને વિસ્તરી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે ૮ દર્દી મળતાં જિલ્લાનો કુલ આંક ૧૧૨ પર પહોંચ્યો છે. જિલ્લામાંસ્વાઈન ફલુનો રોગચાળો ૨૦૧૫ના વર્ષની યાદ અપાવી રહ્યો છે અને આ મુદો જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ ચમકે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં આ રોગથી ૧૫ વ્યક્તીના મોત નીપજ્યા છે. જે ૮ કેસ આજે મળી આવ્યા છે તેમાં ગાંધીનગરના ૨, કલોલના ૪ અને દહેગામના ૨ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાંથી જીવરાજની મુવાડી અને લાખાજીની મુવાડીમાંથી બે મહિલા દર્દી મળી આવેલ છે. કલોલમાંથી આજે ૪ કેસ મળી આવેલ છે. જેમાં સાંતેજ ગામના એક કિશોરનો સમાવેશ થાય છે. જે સ્કૂલમાં અભ્યાસ કરે છે. આ ઉપરાંત સાંતેજ, બોરીસણા અને દંતાલી ગામેથી પણ પોઝીટીવ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર શહેર નજીક આવેલ સીઆરપીએફ વસાહતમાંથી એક મહિલા દર્દી મળી આવેલ છે. આ ઉપરાંત ખોરજ ગામેથી પણ એક કેસ મળી આવેલ છે.

આ દર્દીઓ હાલ સારવાર હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હોવાનું જાણવા મળેલ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૪ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવી છે. જિલ્લામાં સૌથી વધુ કેસ ગાંધીનગરમાંથી ૪૮ નોંધાયા છે. જ્યારે કલોલમાંથી ૩૬ કેસ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે હાલ ૨૩ દર્દી સારવાર હેઠળ છે. જેમાંથી બે દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. ચાલુ માસ દરમ્યાન ૧૦૦ જેટલા કેસ સામે આવ્યા હોવાથી તંત્ર ચોંકી ઉઠ્યું છે.

## સે. ૧૩માં ૩૫ વર્ષીય યુવકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સે. ૧૩માંથી સ્વાઈન ફલુ પોઝીટીવ ધરાવતો ૧ દર્દી મળી આવેલ છે. આ સાથે શહેરમાં દર્દીઓની સંખ્યા ૩૪ પર પહોંચી છે.

સે. ૧૩માંથી ૩૫ વર્ષીય યુવકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં નોંધાયેલ દર્દી પૈકી એક દર્દી વેન્ટીલેટર પર તો એક દર્દી બાયપેપથી સારવાર હેઠળ છે. નોંધાયેલા દર્દી પૈકી ૨૨ દર્દી સંપૂર્ણ રીતે રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. શહેરના ૮ દર્દી હાલ સારવાર હેઠળ છે. જેમાં પાંચ દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં સ્વાઈન ફલુને લઈ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો બીજો રાઉન્ડ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. શહેરમાં સ્વાઈન ફલુને કારણે અત્યાર સુધીમાં ૪ દર્દીના મોત થયા છે.

## જિલ્લામાં ત્રીજા તબક્કાનો સેવાસેતુ નવમી સપ્ટેમ્બરથી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૩૦

આગામી નવમી સપ્ટેમ્બરથી જિલ્લામાં સેવાસેતુના ત્રીજા તબક્કાના અભિયાનનો આરંભ થશે.

ગાંધીનગર તાલુકાના દશેલા ખાતે રાજ્ય વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીના હસ્તે આ અભિયાનનો આરંભ કરાવાશે.

જિલ્લામાં બે તબક્કાના સેવાસેતુ કાર્યક્રમને મળેલા વ્યાપક પ્રતિસાદ પછી આ ત્રીજા તબક્કાનો આરંભ થઈ રહ્યો છે. રાજ્ય સરકારે પણ આ સેવાસેતુ કાર્યક્રમને મળેલા જનપ્રતિસાદને જોઈ ત્રીજો તબક્કો હાથ ધરવાનો નિર્ણય કરેલ છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૦ પ્રકારથી પણ વધુ વ્યક્તિલક્ષી સેવાઓ જે તે કેમ્પમાં જ તંત્ર દ્વારા પુરી પાડવામાં આવે છે.

# રાજ્યમાં મોસમનો કુલ ૧૦૦.૮૫ ટકા વરસાદ

**સારા અને સંતોષજનક ચોમાસાની વધામણી : સારા અને સમયસર વરસાદથી ડાંગર, કપાસ, મગફળી અને કઠોળનું ઉત્પાદન વધશે**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં મોસમના સરેરાશ વરસાદનો સો ટકા વરસાદ વરસી ગયો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ગુજરાતના ખેડુતો, ગ્રામીણ નાગરિકોઅનેસમગ્રપ્રજાજનોનેસારા અને સંતોષજનક ચોમાસાની વધામણી આપતાં જણાવ્યું હતું કે, રાજ્યનો સરેરાશ વરસાદ ૮૧૦ મી.મી. છે, આજે મોસમનો કુલ વરસાદ ૮૧૬.૮૭મી.મી. નોંધાયો છે. જે ૧૦૦.૮૫ ટકા થયો છે. રાજ્યમાં સમયસર અને યોગ્ય માત્રામાં વરસેલા વરસાદથી ડાંગર, કપાસ, મગફળી અને કઠોળનું ઉત્પાદન ધણુ સારુ થશે અને ઘાસચારાની ઉપલબ્ધિ પણ વધશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ૧૨ જિલ્લાઓ એવા છે જ્યાં મોસમના સરેરાશ વરસાદ કરતાં ૧૦૦ટકાથી પણ ધણો વરસાદ વરસી ગયો છે. મોરબી જિલ્લામાં ૧૮૬ ટકા, બનાસકાંઠા જિલ્લામાં ૧૮૪ ટકા અને પાટણ જિલ્લામાં ૧૫૯ ટકા જેટલો વરસાદ પડ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસ્યા નહી

**છેલ્લા બે દિવસથી શહેરમાં જામ્યો વરસાદી માહોલ : જો કે ધોધમાર વરસાદના બદલે માત્ર છુટોછવાયો ૬ મી.મી. વરસાદ પડ્યો**

ગાંધીનગર, તા. ૩૦

ભારેથી અતિભારે વરસાદની આગાહી હોવા છતાં અને વાદળોની ભારે અવરજવર છતાં શહેરમાં દિવસ દરમ્યાન માત્ર ૬ મી.મી. વરસાદ જ નોંધાયો છે.

વરસાદના ત્રીજા રાઉન્ડમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સારો એવો વરસાદ પડી રહ્યો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ઘણાં ભાગોમાં મેઘાએ જમાવટ કરી છે. હવામાન વિભાગે ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે.

છેલ્લા બે દિવસથી ગાંધીનગરના આકાશમાં પણ વરસાદી વાદળો ઘેરાયા છે. ગોરંભાયેલા વાદળો હમણાં ધોધમાર વરસી પડશે એવુ લાગે છે. વાદળોની અવરજવરના કારણે શહેરનું વાતાવરણ હીલસ્ટેશન જેવુ બની ગયું છે.

વાદળોની અવરજવર વચ્ચે ક્યારેક ક્યારેક નાના-મોટા ઝાંપટા પડી જાય છે. જો કે એકધારો વરસાદ પડતો નથી. વાદળોનો જમાવડો ક્યારેક એટલો બધો થઈ જાય છે કે હમણાં જ વરસાદ તુટી પડશે અને શહેર આખુ પાણી પાણી થઈ જશે એવુ લાગે છે. વરસાદી માહોલનો આનંદ શહેરીજનો પૂર્ણપણે માણી રહ્યાં છે. જો કે ક્યારેક ક્યારેક તડકો નીકળતા હજુ બફારો ખુબ અનુભવાય છે. વરસાદ પડતો હોવા છતાં ગરમી અને બફારાથી વસાહતીઓ ત્રાસી ગયા છે.

છુટાછવાયા વરસાદના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધતા રોગચાળાનું પ્રમાણ વધ્યું છે.

# મનપાની સ્થાયી સમિતિની બેઠક પહેલીએ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક ૧લી સપ્ટેમ્બરના રોજ મળશે. મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં ૨૦૧૦-૧૧થી ૨૦૧૫-૧૬ સુધીના હિસાબો અંગેની વિસ્તૃત વિગતો આ બેઠકમાં રજુ કરવામાં આવશે. જે કામગીરી ૯-૮-૧૭ની સ્થાયી સમિતિમાં મુલ્તવી રાખવામાં આવી હતી.

આ બેઠકમાં પ્લાસ્ટીકની ખુરશીઓની ખરીદી બાબતે પણ વિચારણા કરવામાં આવનાર હોવા ઉપરાંત સે. ૭ અને સે. ૨૮ ખાતે રિફ્યુઝ ટ્રાન્સપોર્ટ સ્ટેશન રિનોવેશન કરવાની કામગીરી અંગે પણ મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

# ગુજરાતમાં બાળ અધિકારોના રક્ષણની કામગીરીની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં બાળ અધિકારોની જાગૃતિ માટે ખુબજ સારી કામગીરી થઈ રહી છે અને તેની સારી કામગીરીની નોંધ તાજેતરમાં રાષ્ટ્રીય કક્ષાએ સુપ્રિમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીની અધ્યક્ષતામાં મળેલ સમીક્ષા બેઠકમાં પણ લેવામાં આવી છે તેમ સમાજ સુરક્ષાના શ્રી ઠાકરે આજે બાળ આયોગ દ્વારા યોજાયેલ ત્રીજા દિવસના વર્કશોપમાં તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં ૧૨૫થી વધુ ચાઈલ્ડ કેર ઈન્સ્ટીટ્યુટ છે અને તેમાં ૬ હજારથી પણ વધુ બાળકોની સાર-સંભાળ લેવામાં આવી રહી છે.

ઠાકરે જણાવ્યુ હતુ કે બાળ-અધિકારોના રક્ષણ માટે ગુજરાતમાં નોંધનીય કામગીરી થઈ છે અને હવે તેના સુદઢીકરણની દિશામાં બાળ આયોગ કામગીરી કરી રહેલ છે તે ખુબજ સરાહનીય છે.

બાળ આયોગના સદસ્યા ડૉ. રાજુલ દેસાઈએ પણ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સરકાર દ્વારા બાળકોના હક્કોનો રક્ષણ માટે પરંતુ હજુ ઘણુ બધુ કરવુ જરૂરી છે અને એ માટે સામાજિક જાગૃતિ જ નહિ પરંતુ લોકોની સક્રિયતાની સાથે સાથે ફરજો અને જવાબદારી વિશે પણ અલગથી અભિયાન છેડવુ પડશે.

**બાળ અધિકારો માટે તંત્ર અને સમાજની સક્રિયતા સાથે સંવેદના પણ જરૂરી છે : જાગૃતિબેન**

અત્યંત સંવેદનશીલ બની અને કામગીરી હાથ ધરી છે. તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં બાળકોના અધિકારો માટે સામાકિ-જાગૃતિ માટે બાલ-આયોગે અનોખુ અભિયાન છેડ્યુ છે અને તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

બાલ આયોગના અધ્યક્ષા જાગૃતિબેન પંડ્યાએ જણાવ્યું હતુ કે આપણે ફરજ, સંવેદનશીલતા અને અમલીકરણની દિશામાં ઘણા મહત્વના પગલાં આયોગે લીધા છે

સુશ્રી પંડ્યાએ જણાવ્યું કે સરકાર કાયદો બનાવે પણ અમલીકરણ માટે પણ લોકો અને તંત્રની સક્રિયતા પણ એટલી જ જરૂરી છે.

પંડ્યાએ જણાવ્યું કે બાળકોનું બાળપણ બચાવી અને તેને શિક્ષણ સુધી પહોંચાડી એક સ્વસ્થ સમાજની રચના કરવાનો પડકાર આપણી સમક્ષ છે તે માટે સહિયારો પુરૂષાર્થ જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

જય સ્વામિનારાયણ બેસણું જય સ્વામિનારાયણ



અમારા પૂજ્ય પિતાશ્રી ચૌધરી કાનજીભાઈ લવજીદાસ તા.૨૯-૮-૧૭ ને મંગળવાર ના રોજ અક્ષર નિવાસી થયેલ છે.સદ્દગતનું બેસણું/સુંવાળા/ લૌકીક ક્રીયા તા.૧-૯-૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૩ કલાકે રાખેલ છે.

સ્થળ :- મું.બળીયાનગર(માણેકપુર),તા.માણસા, જી.ગાંધીનગર,મો.૯૮૭૯૦૯૯૦૨૨

લિ.
ડી.કે.ચૌધરી - ચૌધરી રમણભાઈ સેંધાભાઈ તથા મુખી પરીવાર USA
વી.કે.ચૌધરી - ઈશ્વાકુ વી.કે.ચૌધરી
જે.કે.ચૌધરી - નંદ જે.કે.ચૌધરી
ચિરાગ ડી.કે.ચૌધરી - રૂજુલ ચિરાગ ચૌધરી
ચૌધરી લવજીભાઈ ચેલજીભાઈ પરીવાર

તા.ક.કાંણ-મોકાણ બંધ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com